# નમૂના કૃતિપત્રિકા

## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

ગુણ - ૮૦ | ધોરણ - દસમું | સમય - ૩ કલાક

## વિભાગ-૧ ગદ્ય

**પ્ર.૧ નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**અ-૧ વાક્યો ક્રમ પ્રમાણે ગોઠવો.** (૨)

૧) એ આટલી કુલીનતા બતાવે ઉદારતા બતાવે ને મારા ઘરનાં ગધેડાં તે સમજે પણ નહીં !

૨) ગુણસુંદરી નીચે ઊતરી ને માનચતુરે પૂછ્યું.

૩) આણે હવે પલ્લું આપવું નક્કી ધાર્યું.

૪) નણંદ-નણંદોઈ નહીં આપે તો યે તમારા ઘર ઉપર ભાર નહીં પડે.

ગુણસુંદરી નીચે ઊતરી ને માનચતુરે પૂછ્યું.

''કેમ ગુણસુંદરી ! આ આંકડાવાળાઓ ફેરા ખાય છે તેનું તમારી નણંદ પતાવશે કે નણદોઈ? કહેતાં'તાંની કે આપણે માથે નહીં પડે?''

''ના જી, નહીં પડે આપને માથે.''

''ત્યારે કોને માથે પડશે? આંકડાવાળા મૂકી દેવાના હતા?''

''આપે પરિણામ થયે જોઈ લેવું. નણંદ નણંદોઈ નહીં આપે તો યે તમારા ઘર ઉપર ભાર નહીં પડે.'' વધારે પૂછાપૂછ અટકાવવાના હેતુથી ગુણસુંદરી ચાલી ગઈ અને કામમાં પરોવાઈ.

ડોસો હડપચી ચંચવાળતો ઊભો રહ્યો.

''આણે હવે પલ્લું આપવું નક્કી ધાર્યું. એનું પલ્લું નીકળે એટલે મારા ઘર ઉપર ભાર ન પડવાનો એવો એના બોલવાનો મર્મ સમજવા. એ મારી પાસે સાચું બોલી-કેમ જૂઠું કહેવાય? સાચું બોલી એણે મને છેતર્યો. એ પલ્લું આપવા ઊભી થશે એ કલ્પના પણ કેમ થાય? કલ્પના ન થઈ તે હવે ખરું પડવા વખત આવ્યો. એની કુલીનતાની હદ વળી ગઈ. નણંદની દીકરી પરણાવવા ભોજાઈ આમ પલ્લું કાઢે એ અપૂર્વ વાત-જૂની આંખે જોવાનો નવો ખેલ ! હું એ થવા દેવાનો નથી. એ આટલી કુલીનતા બતાવે - ઉદારતા બતાવે - ને મારા ઘરનાં ગધેડાં તે સમજે પણ નહીં ! પણ હું યે સમજ્યો છતાં ન સમજયા જેવો રહું તો ગધેડાના સરદાર !''

**અ-૨ નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે જણાવો.** (૨)

૧) આ આંકડાવાળાઓ ફેરા ખાય છે તેનું તમારી સાસુ પતાવશે કે સસરો? (..................)

૨) ડોસો હડપચી ચંચવાળતો ઊભો રહ્યો (..................)

૩) નણંદનો દીકરો પરણાવવા ભોજાઈ આમ પલ્લું કાઢે તે અપૂર્વ વાત (..................)

૪) એની કુલીનતાની હદ વળી ગઈ (..................)

**અ-૩ આપેલા અયોગ્ય જોડણીવાળા શબ્દો ગદ્યાંશને આધારે સુધારી ફરીથી લખો.** (૨)

૧) પરીણામ　　૨) પલું　　૩) પુછાપુછ　　૪) અપુર્વ

અ-૪ દીકરીના લગ્ન પ્રસંગે દીકરીના માતાપિતાએ કઈ કઈ વિશેષ તૈયારીઓ કરવી પડતી હોય છે? સવિસ્તાર સ્પષ્ટ કરો. (૨)

**પ્ર.૧ બ) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**બ-૧ ગદ્યખંડમાંથી યોગ્ય શબ્દ શોધી ખાલી જગ્યા પૂરો.** **(૨)**

૧) .............. માં ડગલે ને પગલે એમને કોઈની સહાયની જરૂર પડવા લાગી.

૨) પણ એક વાત એમને ................ રહી હતી.

૩) સિત્તેર વર્ષ વઢાવ્યા પછી એમનો આ ભાવ ................ થવા લાગ્યો.

૪) એમને ફળિયાના કોઈને કોઈ.................. ની મદદ લેવી પડતી હતી.

જીવણલાલ બધી રીતે સુખી હતા, પણ એક વાત એમને સંતાપી રહી હતી. પોતે નિઃસંતાન હતા, એ એમના સંતાપનું કારણ હતું. પ્રૌઢ વયમાં તો એ વિવિધ રીતે મનને સમજાવી લેતા. કોઈના ઉદંડ, રખડૂ કે દુરાચારી પુત્રને નજર સમક્ષ રાખી પોતે અપુત્ર હોવામાં એક ઈશ્વરી આશીર્વાદ માની આશ્વાસન મેળવી લેતા.

પણ જેમ જેમ વય ઢળતી જતી ગઈ તેમ તેમ પેલો તર્ક શિથિલ થતો ગયો. હવે કોઈનો રખડુ છોકરો એમના માટે આશ્વાસનનું કારણ બની શકતો નહોતો. વૃદ્ધાવસ્થામાં ડગલે ને પગલે એમને કોઈની સહાયની જરૂર પડવા લાગી. જીવન જરૂરિયાતની વસ્તુઓની ખરીદી, અનેક પ્રકારના ટેક્સ કે બીલના ચુકવણાં, તાર, ટેલિફોન, રેલવે, કચેરીઓના ધક્કા....... આ બધી ઝંઝટમાંથી એમને થોડી મુક્તિ હતી? એમને ફળિયાના કોઈને કોઈ રહીશની મદદ લેવી પડતી હતી. જો કે ફળિયાના રહીશો, સહેજ પણ કચવાટ વગર અને ક્યારેક તો હોંશે એમનું કામ કરી દેતા, છતાં જીવણલાલ હૈયામાં ઊંડે ઊંડે એક ઓશિયાળાપણું અનુભવતા.

સિત્તેર વર્ષ વટાવ્યા પછી એમનો આ ભાવ તીવ્ર થવા લાગ્યો. હવે એમને ફળિયાના લોકોની સેવામાં ઉમંગ કે હોંશને બદલે સહાનુભૂતિ કે દયાનાં દર્શન થવાં લાગ્યાં. દયનીય સ્થિતિ તો એમને કદીય માન્ય નહોતી. હવે એમને લાગવા માંડ્યું કે નિઃસંતાન હોવું એનાં કરતાં રખડતાં, ભટકતા, વ્યસની કે દુરાચારી પુત્રના પિતા હોવું એ બહેતર છે.

**બ-૨ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વિધાન બનાવો.** **(૨)**

૧) લેતા રીતે વયમાં તો એ પ્રૌઢ વિવિધ મનને સમજાવી.

૨) એમને નહોતી સ્થિતિ માન્ય દયનીય તો કદીય.

**બ-૩ ગદ્યખંડમાંથી આપેલા શબ્દોના વિરુદ્ધ અર્થવાળા શબ્દો શોધી લખો.** **(૨)**

૧) બંધન ૨) બદ્તર ૩) સદાચારી ૪) વિવેકી

**બ-૪ એકાંકી જીવન વ્યતિત કરતા એક વૃદ્ધ દંપતીને તમે કઈ રીતે મદદગાર થઈ શકશો?(૨)**

---

**પ્ર. ૧ ક) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો. (અપઠિત ગદ્યખંડ)**

**ક-૧ નમૂના પ્રમાણે કૃતિ કરો.** **(૨)**



સ્ટીવ જોબ્સની મમ્મી એક ગ્રૅજ્યુએટ સ્ટુડન્ટ હતી, તેની માતાનું નામ જોઆન શિબલ, લગ્ન પહેલાં જ માતા બની હતી, આમ છતાં બાળકને જન્મ આપવા બાબત મક્કમ હતી. એણે બાળકને દત્તક આપવાનું નક્કી કર્યું. પરંતુ દત્તક લેનાર દંપતિ માટે જોઆને શરત રાખી હતી કે પોતાનું બાળક કૉલેજ ગ્રેજ્યુએટ થયેલા દંપતીને જ દત્તક આપવું. એક વકીલ દંપતિ આ માટે તૈયાર થયું. તે માટેના કાગળિયાં તૈયાર થયાં. પરંતુ જ્યારે ૧૯૫૫ ની ૨૪ મી ફેબ્રુઆરીના રોજ દીકરો થયો ત્યારે તેમણે ના કહી કે અમને તો દીકરીની જ ઇચ્છા છે. તેના કારણે તે બાળક જોબ્સ દંપતિના ખોળે મૂકાયું. રાજી થયેલા પોલ અને કલેરા દત્તક લેવાની બધી વિધિ પૂર્ણ કરે ત્યાં જીઆનને ખ્યાલ આવ્યો કે જોબ્સ દંપતિ ગ્રેજ્યુએટ નથી. પોલ હાઈસ્કૂલ ડ્રૉપ આઉટ મકેનિક હતો અને કલેરા બુક કીપર તરીકે કામ કરતી ઘરગથ્થુ ગૃહિણી હતી. તેથી જોઆને ઍડોપ્શન પેપર પર સાઈન કરવાનો ઇનકાર કર્યો. એમને સ્ટીવ ખૂબ જ ગમી ગયેલા.... જોઆન (સ્ટીવની જન્મદાત્રી માતા) ને ખાતરી આપી કે પેટે પાટા બાંધીનેય સ્ટીવને તેઓ ઉચ્ચ શિક્ષણ અપાવશે. છેવટે આ વાત માની કાગળિયાં પર સહી સિક્કા થયા. આજે દુનિયાભરમાં સિલિકોન વેલી તરીકે પ્રખ્યાત કૅલિફોર્નિયાના રમણીય વિસ્તારમાં વીત્યું સ્ટીવનું બાળપણ. જન્મના સત્તર વર્ષ બાદ સ્ટીવે કૉલેજ જવાનું શરૂ કર્યું. પોર્ટલેન્ડ, ઓરેગનમાં આવેલી રીડ કૉલેજમાં સ્ટિવે એડમિશન લીધું હતું. આ કૉલેજ તો સ્ટેનફર્ડ યુનિવર્સિટી જેટલી મોંઘીદાટ હતી. સૌ જાણે છે એમ અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ ચામડાં ચીરી નાખે એટલું મોંઘુ છે. સ્ટિવના નોકરી કરતા માબાપની કેડ ભાંગી ગઈ. એની ફી ભરતાં ભરતાં એમની બધી બચત સ્ટીવની ફી ભરવામાં ખર્ચાવા લાગી.

**ક-૨ અભિવ્યક્તિ**

સ્ટીવ જોબ્સની માતા જોઆના શિબલ વિશે તમારા વિચારો જણાવો. (૦૨)

## વિભાગ-૨ પદ્ય

**પ્ર.૨ અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**અ-૧ ખાલી જગ્યા પૂરો.** **(૨)**

૧) વૃદ્ધ થતી જતી વ્યક્તિઓની............... એક જ પ્રશ્ન ડોકાયા કરે છે.

૨) ............... તો ઊડીને સ્થિર થઈ ગયાં.

૩) સિટી વિનાના ................. સિટીઝન.

૪) ................ જઈ શકાય એમ નથી.

અહીં અમેરિકામાં  
નિવૃત્ત થયેલી.  
વૃદ્ધ થતી જતી વ્યક્તિઓની આંખમાં  
એક જ પ્રશ્ન ડોકાયા કરે છે :  
-હવે શું?  
ભારત જઈ શકાય એમ નથી

અમેરિકા રહી શકાય તેમ નથી
સંતાનો તો ઊડીને સ્થિર થઈ ગયાં.
પોતપોતાનાં માળામાં
અમે બધાં
સિટી વિનાના
સિનિયર સિટીઝન.

**અ-૨ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.** **(૨)**

૧) નીચેનામાંથી ........................ આ ઘટકનો અહીં ઉલ્લેખ નથી.

અ) અસ્થિર  બ) નિવૃત્ત  ક) માળા  ડ) ભારત

૨) વૃદ્ધોના મનમાં ડોકાતો પ્રશ્ન .....................

અ) હવે શું?  બ) કેમ જીવશું?  ડ) મારા સંતાનો કયાં? ડ) હવે ભારત કેમ જવું?

૩) કાવ્યમાં આપેલ પ્રવૃતનો વિરૂદ્ધાર્થી શબ્દ...............

અ) નિવૃત્ત  બ) વિવૃત્ત  ક) સંવૃત્ત  ડ) પ્રાકૃત

૪) શહેર માટે કાવ્યમાં આવતો અંગ્રેજી શબ્દ ....................

અ) વીટી  બ) અમેરિકા  ક) સિટી  ડ) ભારત

**અ-૩ જોડકાં જોડો.** **(૨)**

| | |
|---|---|
| ૧) આંખ | અ) ઘરડાં |
| ૨) પ્રશ્ન | બ) લોચન |
| ૩) સંતાન | ક) સવાલ |
| ૪) વૃદ્ધ | ડ) બાળક |

**અ-૪ નિવૃત્ત વૃદ્ધોનું મન શા માટે અસ્થિરતા અનુભવે છે? કાવ્યને આધારે સ્પષ્ટ કરો.(૨)**

---

**પ્ર. ૨ બ) નીચેનો પદ્યાંશ વાંચી કૃતિ કરો.**

**બ-૧ નીચેની ઘટનાને યોગ્ય ક્રમ પ્રમાણે ગોઠવો.** **(૨)**

અ) ઘેર જઈને વાટ જોઉં છું. ઉતાવળા તમો આવો.

બ) એક નેત્રનું કાજળ કાઢયું.

ક) વિષ ફેડી વિષયા કરી.

ડ) ઊઠી અબળા ચાલી ત્યાંથી

એક નેત્રનું કાજળ કાઢયું, બીજા નેત્રનું નીર;
તરણા વતે લખ્યું તારુણીએ, ધરી હૃદયા મધ્યે ધીર.
નારદ કહે; સાંભળ અર્જુન ! કર્તા હર્તા અવિનાશ
વિષ ફેડી વિષયા કરી, એમ ઉગાર્યો ચંદ્રહાસ.
પત્ર ફરી બાંધ્યું પ્રેમદાએ, જળ ભરતી તે નેણ;

ઊઠી અબળા ચાલી ત્યાંથી, મુખે કહેતી વેણ
ઘેર જઈને વાટ જોઉં છું, ઉતાવળા તમો આવો;
મદનભાઈને મળજો, સ્વામી ! પત્ર લખ્યું તે લાવો.

**બ-૨** **(૨)**

**કોણ તે લખો**

નથી જેનો વિનાશ તે ………

ઘાસ માટે વપરાયેલ શબ્દ ……………

૩) રાહ જોવી માટે વપરાયેલ રૂઢિપ્રયોગ …………..

૪) જેનામાં બળ નથી તે ……………….

**બ-૩ પદ્યાંશમાં આવતા ચાર વ્યક્તિવાચક નામ શોધીને લખો. (૨)**

**બ-૪ પદ્યાંશને આધારે વિષયાએ કરેલી ચતુરાઈ વર્ણવો. (૨)**

---

## વિભાગ-૩ વિશેષ વાચન

**પ્ર.૩ નીચે આપેલો ગદ્યખંડ વાંચી જવાબ લખો.**

**(૧) આકૃતિ પૂર્ણ કરો. (૨)**

૧) બચપણ ગયું અને → ( )

૨) સામે જ આંગણામાં → ( )

૩) એટલે બેસીને → ( )

૪) દૂરદૂરના વાસમાં → ( )

બચપણ ગયું અને જુવાની આવી. લીલું તો ખરું, પણ જોડે મીઠુંય લઈને આવી. પણ કરસનને તો આ લીટી મનમાં પેસી ગઈ હતી. સામે જ આંગણામાં લીમડાનું ઘટાદાર ઝાડ. એટલે દાતણ કરતો હોય ત્યારે પણ ત્યાં જ નજર જાય અને નજર ઢૂંઢે : આમાં કઈ ડાળ મીઠી હશે, હવે તો ઘરનો રાજા થયો હતો એટલે ઓટલે બેસીને હોકો ફૂંકવાનો હક્ક પણ મળ્યો હતો. ઓટલે બેસીને હોકો ફૂંકે અને પાછી લીમડે નજર જાય : અને આંખડી ઢૂંઢે : કઈ ડાળ મીઠી હશે?

બચપણમાં કે જુવાનીમાં ક્યારેક આમાં સાંભળેલી વાત ખોટી હશે એ એના મનમાં ઊગ્યું જ નહિ. ખોટું શેં હોય? રણછોડની ભક્તિમાં તે વળી વાત ખોટી હોતી હશે?

ખેતરે જાય ત્યારે લીમડો નજરે પડે, આવતાંય નજરે પડે. એકવાર તો ફળીમાં ઢોલિયો ઢાળી એ સૂતો હતો અને ચાંદની રેલાતી હતી. દૂર દૂરના વાસમાં ભજનમંડળી જામી હતી. કોક ભગત આવ્યા હતા, અને પાછું ક્યાંથીય એ જ આગળ આવ્યું : લીલા લીમડાની એક ડાળ મીઠી, હે રણછોડ રંગીલા! આ પછી તો કાંશીજોડાનો ખખડાટ પણ એ જ તૂક કહે : લીલા લીમડાની....

**૨) તમારા બચપણનો એક યાદગાર પ્રસંગ વર્ણવો. (૨)**

## વિભાગ-૪ વ્યાકરણ

**પ્ર.૪ સૂચનાનુસાર કરો.**

**અ) નીચે આપેલા કોયડામાંથી 'આંખ' ના કોઈપણ ચાર સમાનાર્થી શબ્દો શોધીને લખો. (૨)**

| | | | | |
|---|---|---|---|---|
| ક્ષ | ને | મં | અ | ક્ષિ |
| ન | લો | ત | ગ | પ |
| વિ | ઈ | ચ | ક્ષુ | વા |
| ત્ર | રા | ણ | ન | ન |
| પ | ને | વ | દ | ગ |
| રૂ | ય | તું | ચ | ઢ |

૧) ---------------

૨) ---------------

૩) ---------------

૪) ---------------

**બ) આપેલ પંક્તિ કે વિધાનનો અલંકાર ધ્યાનમાં લઈ એ જ અલંકારનો ઉપયોગ કરી અન્ય પંક્તિ કે વિધાન તૈયાર કરો. (૨)**

૧) આપને તારા અંતરનો એક તાર.

૨) પ્રાતઃકાળમાં કપાળે ચંદ્રલેખા જેવી આડ કરેલી.

**ક) નીચે આપેલ રૂઢિપ્રયોગના તેના અર્થ સાથે યોગ્ય જોડકાં જોડો. (૨)**

| **અ-રૂઢિપ્રયોગ** | **બ-અર્થ** |
|---|---|
| ૧) આનાકાની કરવી | ૧) ધાસ્તી અનુભવવી |
| ૨) ફાળ અનુભવવી | ૨) યુક્તિ કરવી |
| ૩) લીન થઈ જવું | ૩) દલીલ કરવી |
| ૪) કારસો કરવો | ૪) ગરકાવ થઈ જવું |

**ડ) ચોકઠામાં યોગ્ય શબ્દ લખી સંધિ વિગ્રહ પૂર્ણ કરો. (૨)**

૧) ગાયક = ☐ + અક     ૩) અન્વેષણ = ☐ + એષણ

૨) પ્રત્યક્ષ = પ્રતિ + ☐     ૪) સદૈવ = સદા + ☐

**ઈ) નીચે આપેલા સમાસ વિગ્રહનો યોગ્ય વિકલ્પ શોધી જવાબ લખો. (૨)**

૧) ચાર પાંચ = ....................

અ) ચાર અથવા પાંચ     બ) ચાર પાંચ વગેરે

ક) ચાર માં મિશ્રિત પાંચ     ડ) ચાર છે જેમાં પાંચ તે

૨) ઘરજમાઈ = ....................

અ) ઘરે આવતો જમાઈ     બ) ઘરમાં રહેતો જમાઈ

ક) ઘર અને જમાઈ     ડ) જે ઘરમાં નથી રહેતો તે જમાઈ

૩) સપ્તપદી = ..................

અ) સાત છે પગ જેનાં તે     બ) સાત પદનો સમૂહ

ક) સાત પગલાનો સમૂહ     ડ) સપ્ત કે પદી

૪) કમળનયન = ....................

અ) કમળ અને નયન     બ) કમળ જેવા નયન જેનાં છે તે

ક) નયનથી જોઈ શકાય તેવું કમળ     ડ) કમળમાં ઊગતા નયન

---

## વિભાગ-૫ લેખન કૌશલ્ય

**પ્ર.૫ અ) સ્માર્ટ મોબાઈલ ફોનના લાભ-ગેરલાભ વિશે સમજાવતો પત્ર તમારી નવમા ધોરણમાં ભણતી બહેનને નીચેના મુદ્દાને આધારે લખો. (૫)**

૧) સ્માર્ટ મોબાઈલ ફોનના વ્યસની ADICT ન થવાની હાકલ
૨) અભ્યાસ તરફ દુર્લક્ષ-નુકસાનકારક
૩) સ્માર્ટ મોબાઈલ ફોનના લાભ-ગેરલાભ
૪) ઉપયોગી APPS ફાયદાકારક કઈ રીતે તેની માહિતી.......

**બ) વાર્તાલેખન**

**★ નીચેના મુદ્દાઓને આધારે વાર્તા લખો. (૫)**

પરમહંસ યોગાનંદનો આશ્રમ ........... યોગ શાસ્ત્રીનો વિદ્યાભ્યાસ ........... આશ્રમમાં કડક શિસ્ત પાલન ........... આળસુ શિષ્ય ........... સવારે મોડા ઊઠવું ........... પ્રભુ સ્મરણ કરવાનો ઢોંગ કરવો ........... બીજા શિષ્યોની ટકોર ........... આળસુ શિષ્ય પર કોઈ અસર નહીં ........... ગુરુદેવને જાણ ........... શિષ્યને સમજાવવું ........... આળસુ શિષ્યનું ખોટું બોલવું ........... પહેલી વખત આળસ ........... એક વખત આળસ આવતા વારંવાર આવે ........... લોખંડી શરીરમાં પ્રવેશી તેને નિર્મળ અને નિર્માલ્ય બનાવે ........... ગુરુદેવની શિખામણ ........... શિષ્યને સાચી વાતની જાણ ........... આળસ અને અસત્ય બોલવા બદ લ ક્ષમા ...........બોધ...........શીર્ષક.

**ક) 'તમાકુ મુક્ત શાળા પરિસર' માટે ચલાવેલ અભિયાન વિશે અહેવાલ લખો. (૧૫)**

**પ્ર.૬ અ) નીચેના વાક્યોનું અંગ્રેજીમાં ભાષાંતર કરો.**

1) Action speaks louder then words.
2) Work is worship.
3) God cannot be everywhere - therefore he makes mother.
4) Knowledge is a virtue.
5) A good name is got by many actions and lost by one..

**બ) વિચાર વિસ્તાર કરો.**

''ધર્મ એક જ અને તે માનવ ધર્મ.''

**ક) ગદ્યખંડને આધારે પાંચ પ્રશ્નો બનાવો.**

જીવનની દરેક ક્ષણ એક નવી અને અનોખી ક્ષણ છે. બ્રહ્માંડને એવી અદ્ભુત પણ જે ફરી કદી નહિ આવે - અને આપણે આપણા બાળકોને શું શીખવીએ છીએ? બે ને બે ચાર થાય. ફ્રાન્સની રાજધાની પેરીસ છે.......

તેઓ શું છે તે આપણે તેમને ક્યારે શીખવશું ?

આપણે તેમને કહેવું જોઈએ, 'તને ખબર છે કે તું શું છે?' તું એક અદ્વિતીય હસ્તી છે.... તું અદ્ભુત છે..... આટલા વર્ષોમાં તારા જેવું બીજું કોઈ પેદા નથી થયું.... તારા હાથ, પગ તારી સ્ફૂર્તિવાળી આંગળીઓ, તારું હલનચલન બધું જ મૌલિક છે.

તું શેક્સપિયર, માઈકલ એન્જેલો કે બીથોવોન કે ગાંધી, શિવાજી, કલામ કે પછી સચિન તેંદુલકર થઈ તું ધારે તે કરી શકે છે. તું મોટો થઈશ તે પછી પણ તારા જેવું બીજું કોઈ નહિ મળે.

મહેનત કર-આપણે બધાએ ખૂબ મહેનત કરવી જોઈએ જેથી કરીને નવી પેઢીને એવું વિશ્વ આપીએ જે તેમના માટે અનોખું હોય.